શહેરી વિકાસ સચિવ એમ.થેન્નારસને સુરત મનપાના અધિકારીને ફિલ્ડમાં જવાની સૂચના આપી

# ઓફિસમાં બેસી આંકડા મેળવવાનું બંધ કરો

**અમદાવાદમાં** ડ્રેનેજના 60 હજાર બદલવા પડે તેમ હોવાની સામે સુરતમાં 80,000માંથી માત્ર 8,000 ઢાંકણાં જ બદલવાની જરૂરનો અધિકારીએ ઉલ્લેખ કરતાં થેન્નારસન અકળાયા

સુરતઃ આજે યોજાયેલી વિડીયો કોન્ફરન્સમાં શહેરી વિકાસ સચિવ એમ. થેન્નારસને સુરત મહાનગર પાલિકાના અધિકારીઓને આડેહાથે લીધા હતાં. સુરત મહાનગર પાલિકાની હદમાં 80,000 ગટરના ઢાંકણામાંથી માત્ર 8,000 જ બદલવા પડે તેવો રિપોર્ટ અધિકારીઓએ તૈયાર કર્યો હતો. જ્યારે અમદાવાદમાં 1.80 લાખ ઢાંકણામાંથી 60,000 બદલવા પડે તેવો રિપોર્ટ છે. તેમણે તેવી તીખી સૂચના આપતા મનપાના અધિકારીઓની કામગીરી સામે ફરી સવાલ ઊભા થયા છે.

## સુરતના અધિકારીઓ 3500 કરોડના વિકાસ કામ પણ નથી કરી શકતા

**પીએમના** હસ્તે લોકાર્પણ કે ખાતમુહૂર્ત થાય તેવો મનપા પાસે 25 કરોડનો પ્રોજેક્ટ નથી તેવું ડે. કમિ. નિધી સિવાચનું નિવેદન

**થેન્નારસને** અકળાઇને સિવાચને કહ્યું: સુરતમાં આવું કેમ ચાલે છે?

સુરતઃ મહાનગરપાલિકાના વિકાસ કામોની ધીમી પડેલી ગતિને લઈને રાજ્યના શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ એમ. થેન્નારસને શનિવારે યોજાયેલી વિડિયો કોન્ફરન્સમાં મનપાના અધિકારીઓને ફરી એક વખત આડેહાથ લીધા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી 8 સપ્ટેમ્બરે નવસારીની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે તેમના હસ્તે લોકાર્પણ કે ખાતમુહૂર્ત થઈ શકે તેવા રૂ. 25 કરોડ કે તેથી વધુ કિંમતના પ્રોજેક્ટની યાદી મનપા પાસેથી માંગવામાં આવી હતી. જોકે, મનપા તરફથી હાલ આવા કોઈ પ્રોજેક્ટ ઉપલબ્ધ ન હોવાનું જણાવાતા શહેરી વિકાસ સચિવે અધિકારીઓની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.

### ‘પ્રોજેક્ટ છે તો કામની ગતિ ક્યાં છે?’

સુરત મનપા દ્વારા વિવિધ ક્ષેત્રોમાં રોડ, બ્રિજ, ડ્રેનેજ, પાણી, ટ્રાન્સપોર્ટ અને અન્ય માળખાકીય સુવિધાઓ માટે કરોડો રૂપિયાના આયોજન કરવામાં આવે છે. મનપાની સત્તાવાર વેબસાઇટ પર પણ એન્જિનિયરિંગ, બ્રિજ, રોડ ડેવલપમેન્ટ, ડ્રેનેજ, હાઇડ્રોલિક સહિતના અનેક વિકાસલક્ષી વિભાગો કાર્યરત હોવાનું દર્શાવવામાં આવ્યું છે. પરંતુ રૂ. 25 કરોડથી વધુના એવા પ્રોજેક્ટ, જેનું ખાતમુહૂર્ત અથવા લોકાર્પણ વડાપ્રધાનના હસ્તે કરાવી શકાય, તેની યાદી ન હોવાનો જવાબ મળતાં શહેરી વિકાસ સચિવે સીધી રીતે અધિકારીઓની કાર્યક્ષમતા પર જ સવાલ ઉઠાવ્યો હોવાનું માનવામાં આવે છે.

### મનપાના અધિકારીઓ માટે લાલબત્તીસમાન ટકોર

રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના વડા તરીકે એમ. થેન્નારસન દ્વારા કરવામાં આવેલી આ ટકોરને મનપાના વહીવટી તંત્ર માટે ગંભીર સંદેશ તરીકે જોવામાં આવી રહી છે. હવે મનપાના વિવિધ વિભાગો પાસે આગામી દિવસોમાં મોટા પ્રોજેક્ટની સ્થિતિ, ટેન્ડર પ્રક્રિયા, વર્ક ઓર્ડર અને કામની પ્રગતિ અંગે જવાબ માંગવામાં આવે તેવી શક્યતા છે.

તેમણે અધિકારીઓને સવાલ કરતાં કહ્યું હતું કે, ‘સુરતમાં આવું કેમ ચાલે છે? આટલી મોટી મહાનગરપાલિકામાં રૂ. 3500 કરોડના વિકાસ કામો પણ થઈ શકતા નથી તો અધિકારીઓ શું કરે છે?’ શહેરી વિકાસ સચિવની આ ટકોરને કારણે મનપાના અધિકારીઓમાં પણ ચર્ચા શરૂ થઈ હતી.

એક તરફ સુરતને દેશના ઝડપથી વિકસતા શહેરોમાં સ્થાન અપાવવામાં આવે છે, મનપાના બજેટમાં હજારો કરોડ રૂપિયાની વિકાસલક્ષી જોગવાઈઓ કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારી સમક્ષ વડાપ્રધાનના હસ્તે રજૂ કરી શકાય તેવા રૂ.25 કરોડથી વધુના પ્રોજેક્ટની યાદી પણ રજૂ ન કરી શકવી મનપાની વિકાસ પ્રક્રિયા સામે સવાલ ઊભો કરે છે.

# ગુનેગાર ગોદાવાડી ગામનો જ હોવાની સુરત જિલ્લા પોલીસને આશંકા

# નિધિ પટેલ હત્યા: પોલીસ આખા ગામના લોકોના ફિંગરપ્રિન્ટ લેશે !

**નવી** બનેલી SIT દ્વારા લોકોના ફિંગરપ્રિન્ટ લેવાની શરૂઆત કરી દેવામાં આવી

માંડવી, સુરતઃ માંડવીના ગોદાવાડી ગામે નિધિ પટેલની હત્યા અને લૂંટ કેસ અત્યાર સુધી પોલીસે અંધારામાં જ ફાંફાં માર્યા હતા. હવે પોલીસે આજથી ગ્રામજનોના ફિંગરપ્રિન્ટ લેવાની શરૂઆત કરી છે.

તે દિવસે એવી ઘટના બની હતી કે રાત્રે 9 વાગીને 28 મિનિટે નિધિએ તેના પિતા સાથે મોબાઈલ ફોન પર વાતચીત કરી હતી. બાદમાં કહે છે કે, રાત્રે 12 વાગીને છ મિનિટે નિધિ પટેલનો મોબાઈલ ફોન સ્વીચઓફ થયો હતો. રાત્રે જ્યારે નિધિ પટેલના માતા-પિતા યાત્રાએથી પરત આવ્યા અને દરવાજો ખોલ્યો ત્યારે ખબર પડી કે લૂંટ થઈ છે. કહે છે કે માતા-પિતાએ મદદ માટે તેમની સાથે યાત્રામાં રહેલા લોકોને પણ બોલાવ્યા હતા. બધાએ નિધિને શોધી હતી અને બાદમાં તેની લાશ મળતાં ગોદાવાડી ગામમાં આ ઘટનાની ખબર પડી જતાં રાત્રે નિધિ પટેલના ઘરમાં અનેક ગ્રામજનો ભેગા થઈ ગયા હતા. પોલીસને જાણ કરાઈ પરંતુ પોલીસ આવે તે પહેલા નિધિના ઘરમાં ગ્રામજનોનો મેળાવડો જામી ગયો હોવાથી હવે પોલીસ માટે ઘરમાંથી આરોપીના ફિંગરપ્રિન્ટ અલગ પાડવા મુશ્કેલ બની ગયા છે. કહે છે કે પોલીસને 100 ટકાની આશંકા છે કે હત્યારો ગામમાંથી જ છે પરંતુ જે રીતે અનેક લોકોના ફિંગરપ્રિન્ટ મળ્યા છે તે જોતાં ખરા આરોપીને શોધવા માટે આજે પોલીસે આખા ગામના ફિંગરપ્રિન્ટ લેવાની શરૂઆત કરી છે.

સને 2011ની વસતી પ્રમાણે ગોદાવાડી ગામની વસતી 3915 લોકોની હતી અને આજના પ્રમાણે ગામની વસતી 5000 લોકોથી વધુની છે ત્યારે તમામના ફિંગરપ્રિન્ટ લેવાની કવાયત પોલીસને પરસેવો પડાવી દેશે.

# નિધિ પટેલની હત્યા-લૂંટ કેસમાં આખરે તપાસનો ‘હાથફેરો’, SITની રચના કરાઈ

**SITમાં** ડીવાએસપીના માર્ગદર્શનમાં LCB પીઆઈ અને SOG પીઆઈનો સમાવેશ કરાયો

માંડવીઃ માંડવીના ગોદાવાડી ગામે નિધિ પટેલ નામની યુવતીની થયેલી હત્યા અને લૂંટ કેસમાં સ્થાનિક પોલીસ છ-છ દિવસ સુધી માત્ર ‘ફાંકાફોજદારી’ જ કરતી રહેતા અને કોઈ જ ઉકેલ નહીં લાવતા આખરે સુરત જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયાએ SITની રચના કરવી પડી છે.

રાજેશ ગઢિયાએ જણાવ્યું હતું કે, પોતાના સીધા માર્ગદર્શન હેઠળ વિશેષ તપાસ ટીમની રચના કરી છે. આ એસઆઈટીમાં તપાસ માટે 20 ટીમો અને અંદાજે 60 પોલીસ કર્મીઓ ફાળવવામાં આવ્યા છે. આ એસઆઈટી માંડવી ડિવિઝનના ASP અક્ષેશ એન્જિનિયરના નેતૃત્વમાં કામ કરશે. સાથે સાથે LCB PI એન.જી. પંચાણીને કેસના તપાસ અધિકારી તરીકે જોડવામાં આવ્યા છે. ટીમમાં SOG PI એલ.ડી. ઓડેદરા, માંડવી PI જે.એસ. વળવી, ઝંખવાવ PI સહિત મહિલા PSIનો સમાવેશ કરાયો છે.

એસપી રાજેશ ગઢિયાએ જણાવ્યું હતું કે, એસઆઈટી વૈજ્ઞાનિક અને ટેકનિકલ રીતે તપાસ કરશે. હાલમાં અનેક દિશામાં તપાસ ચાલી રહી છે. આ કેસમાં પોલીસને સાચી માહિતી આપનારને યોગ્ય ઇનામ જાહેર કરાશે.

### સ્થાનિક કોળી સમાજના નેતાઓ સાથે પોલીસ સાથે બેઠક કરી, પોલીસે મનાવ્યા અને માની ગયા

સાંસદસભ્ય પ્રભુ વસાવાની સાથે આજે સ્થાનિક કોળી સમાજના આગેવાનોએ પોલીસ સાથે બેઠક કરી હતી. બેઠક બાદ માંડવી-માંગરોળ તાલુકા કોળી સમાજના અગ્રણી પીપોદરામાં રહેતા જયેશ પટેલે જણાવ્યું હતું કે, ચર્ચામાં અરેઠ માંડવી કોળી પટેલ સમાજના પ્રમુખ સહિતના આગેવાનો જોડાયા હતા. બેઠક દરમિયાન SP રાજેશ ગઢિયાએ પોલીસ તપાસની દિશા અને અત્યાર સુધીની કામગીરીની વિગતો આપી ગુનેગારો સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. પોલીસની હકારાત્મક ખાતરી બાદ માંડવી-માંગરોળ-અરેઠ તાલુકા કોળી સમાજના પ્રમુખે સંતોષ વ્યક્ત કરી શનિવારે સાંજે મળનારી બેઠક તથા આંદોલન હાલ પૂરતું મોકૂફ રાખવાની જાહેરાત કરી હતી.

### દમણના સાંસદ ઉમેશ પટેલ, પૂર્વ મંત્રી કરશન પટેલે પરિવારની મુલાકાત લીધી

સમગ્ર સુરત જિલ્લામાં ચકચાર જગાવનાર નિધિ પટેલની હત્યા અને લૂંટ પ્રકરણમાં કોળી સમાજના આગેવાનો બાદ દમણના સાંસદ ઉમેશ પટેલ અને પૂર્વ મંત્રી કરશન પટેલે પણ ગામમાં પહોંચીને નિધિ પટેલના પરિવારને મળીને સાંત્વના પાઠવી હતી. બંને આગેવાનોએ વહીવટી મદદની ખાતરી પણ આપી હતી.

# બંગાળની ખાડીમાં નવું લો પ્રેશર છૂટાછવાયા વરસાદની સંભાવના

**અનેક** રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી, જોકે ગુજરાત માટે હાલ કોઈ ભારે વરસાદની કોઈ અલગ ચેતવણી નથી

સુરતઃ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વરસાદના વિરામ બાદ ચારેક દિવસથી ગરમીનો અહેસાસ વધ્યો છે. ત્યારે વધુ એક લો પ્રેસર સિસ્ટમથી છુટાછવાયા વરસાદની સંભાવનાઓ બની છે. જોકે તેની સુરતમાં કેટલી અસર રહેશે તે અંગે 4 સપ્ટેમ્બર પછી યોગ્ય આગાહી હવામાન વિભાગ કરશે.

સુરત શહેરમાં છેલ્લા ચારેક દિવસથી વરસાદના વિરામ બાદ જાણે ઉનાળો શરૂ થવાનો હોય તેવી ગરમી અને બફારો અનુભવાય છે. સુરતમાં આજે મહત્તમ તાપમાન આંશિક 0.2 ડિગ્રી ઘટીને 32.4 ડિગ્રી નોંધાયું હતું. લઘુત્તમ તાપમાન પણ આંશિક ઘટીને 26.6 ડિગ્રી નોંધાયું હતું. હવામાં 73 ટકા ભેજ સાથે 8 કિમીની ઝડપે દક્ષિણ પશ્ચિમનો પવન ફૂંકાયો હતો. બંગાળની ખાડી અને પશ્ચિમ બંગાળ-ઉત્તર ઓડિશાના દરિયાકાંઠા નજીક નવું લો પ્રેશર રચાવાની સંભાવના વચ્ચે દેશના અનેક ભાગોમાં વરસાદનો દોર ચાલુ રહેવાની આગાહી કરવામાં આવી છે. ગુજરાતમાં આગામી છથી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. દ.ગુ.માં પણ છુટાછવાયા વરસાદની આગાહી છે. દક્ષિણ ગુજરાતમાં કેટલાક સ્થળોએ વરસાદની શક્યતા અન્ય વિસ્તારો કરતાં વધુ છે. જોકે ગુજરાત માટે હાલ સત્તાવાર રીતે ભારે વરસાદની કોઈ અલગ ચેતવણી જાહેર કરવામાં આવી નથી. ઓડિશા, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ અને પૂર્વોત્તરના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા દર્શાવવામાં આવી છે.

### વ્હાલા કાનુડાના આગમનની તૈયારી, રમકડાં-વાઘાની ખરીદી શરૂ



રક્ષાબંધનના તહેવાર બાદ આઠમા દિવસે એટલે કે શ્રાવણ સુદ આઠમે સમગ્ર વિશ્વમાં ઠાકોરજીના જન્મદિવસની ધામધૂમથી ઉજવણી થતી હોય છે. જો કે હાલમાં વ્હાલા ઠાકોરજી ‘લાલો-કાનૂડા’ની જન્મામષ્ટમીને ઉજવવા માટે ચૌટાબજાર સહિતના બજારોમાં તેમના વાઘાથી લઈ હિચકા, રમકડાંની ખરીદીની ધૂમ જોવા મળી રહી છે. કાન્હાને માખણ ભાવે રે, કાન્હાને મીસરી ભાવે રે.... એ વાત તો સાચી પરંતુ લાલાના જન્મદિવસે તેમને નવા વાઘા પહેરાવી તેમના પાસે વિવિધ રમકડાંઓ મુકી તેમના પ્રત્યે પોતાનો વ્હાલ ભક્તો દર્શાવે છે.

# નાનપુરાની જાણીતી કૈલાસ સ્વીટ્સમાં ‘કાજુકતરી’ પર ફૂગ હોવાની ફરિયાદ

**કોર્પોરેટર** મીઠાઈ લેવા ગયા અને કાજુ કતરી પર ફૂગ જેવું મળી આવતાં આરોગ્ય વિભાગને જાણ કરી

**પેકિંગ** પર તારીખ નહીં મળતાં રૂ.5,000નો દંડ કરાયો, સેમ્પલ લેબમાં મોકલાયાં

સુરત : નાનપુરા વિસ્તારમાં આવેલી જાણીતી ‘કૈલાશ સ્વીટ્સ’ નામની દુકાનમાં મીઠાઈ ખરાબ ગુણવત્તાની હોવાની ઘટના સામે આવી છે. વોર્ડ નંબર 20 ના સ્થાનિક કોર્પોરેટર હીનાબેન ટાલીયા જાતે મીઠાઈ ખરીદવા માટે આ દુકાને પહોંચ્યા હતા. ખરીદી દરમિયાન જ્યારે તેમણે મીઠાઈનો ડબ્બો ખોલીને તપાસ્યો, ત્યારે તેમાં રહેલી કાજુ કતરી પર તેમને સફેદ ફુગ જેવું જોવા મળ્યું હતું. મીઠાઈની ગુણવત્તા ખરાબ અને બગડેલી હોવાનું જણાતા કોર્પોરેટરે દુકાન સંચાલક સામે કડક નારાજગી વ્યક્ત કરી હતી અને તાત્કાલિક સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગને જાણ કરી હતી.

કોર્પોરેટરની ફરિયાદ મળતાં જ સેન્ટ્રલ ઝોનની આરોગ્ય ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને કૈલાશ સ્વીટમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન આરોગ્ય વિભાગને વેચાણ માટેની વિવિધ ખાદ્યસામગ્રીનું ચેકીંગ કરાયું હતું.

જેમાં કાજુકતરીના પેકેજીંગ પર મેન્યુફેક્ચરિંગ તારીખનો ઉલ્લેખન કરાયો ન હતો. આ બેદરકારી બદલ સેન્ટ્રલ ઝોનની ટીમે દુકાન સંચાલકને સ્થળ પર જ રૂ.5,000 નો વહીવટી દંડ ફટકાર્યો હતો. આ ઉપરાંત, ફૂગવાળી કાજુ કતરીના નમુના સેમ્પલ તરીકે એકત્રિત કરી કાયદેસરની ચકાસણી અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

નોંધનીય છે કે માત્ર બે દિવસ અગાઉ જ આ દુકાનેથી સેમ્પલ લેવાયા હતા. અને ત્યારબાદ પણ દુકાનોમાં આવી ખાદ્યસામગ્રી મળી રહી છે. દુકાનદારનું કહેવુ હતું કે, મીઠાઈ ફ્રીજમાં મુકવામાં આવે છે અને તે બહાર કાઢવામાં આવે ત્યારે તેના પર પાણીની પરત દેખાતી હોય છે જેમાં ફુગ જેવું કઈ નથી પરંતુ હાલ સેમ્પલો લઈ લેબમાં મોકલાયા છે. રિપોર્ટ આવ્યા બાદ જાણ થશે.

# નેપાળ જળપ્રલય, વલસાડનાં રોમાબેન હજુ પણ પરિવારના સંપર્કમાં નહીં

**ચાઇના** બોર્ડર પહોંચ્યા હોવાની માહિતી, સંદેશા વ્યવહાર ખોરવાયો હોય સીધો સંપર્ક થઇ શક્યો નથી, પરિવરામાં ચિંતા

વલસાડઃ નેપાળમાં આવેલા જળપ્રલયની ઘટના બાદ સંપર્ક વિહોણા બનેલા વલસાડના રોમાબેન ઇંટવાલાનો હજુ સુધી પરિવારજનો સાથે સીધો સંપર્ક થઈ શક્યો નથી. રોમાબેન 62 લોકોના ગ્રુપ સાથે કૈલાસ માનસરોવર યાત્રા માટે નેપાળ ગયા હતાં. તેઓ ચાઇના બોર્ડર સુધી પહોંચી ગયા હોવાનું જાણવા મળ્યું છે, પરંતુ સરહદી વિસ્તારમાં સંદેશા વ્યવહારના તમામ સાધનો ખોરવાઈ ગયા હોવાનું માનવામાં આવી રહ્યું હોવાથી પરિવારજનો તેમનો સંપર્ક કરી શકતા નથી.

વલસાડની અતુલ કંપનીમાં એચઆર વિભાગમાં નોકરી કરતાં અને એક પુત્રીના માતા રોમાબેન ઇંટવાલા ગત 22 ઓગસ્ટે તેમના પિતરાઈ ભાઈ-બહેન સહિત મુંબઈથી પ્લેન મારફતે નેપાળ ગયા હતા. મુંબઈના ટુર ઓપરેટર મારફતે તેઓ 62 લોકોના ગ્રુપ સાથે કૈલાસ માનસરોવર યાત્રા પર નીકળ્યા હતા. કાઠમંડુ પહોંચ્યા બાદ ઈમિગ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરી ગ્રુપ ચાઇના બોર્ડર તરફ આગળ વધ્યું હતું. ગત 25 ઓગસ્ટની સાંજ બાદ રોમાબેન સહિત સમગ્ર ગ્રુપ સાથેનો ટેલિફોનિક સંપર્ક કપાઈ ગયો હતો. અગાઉ રોમાબેનનું છેલ્લું લોકેશન કોશી નદી પર આવેલા ફ્રેન્ડશિપ બ્રિજ નજીકનું હોવાનું જાણવા મળ્યું હતું. હવે તેઓ ચાઇના બોર્ડર સુધી પહોંચી ગયા હોવાની માહિતી સામે આવી છે. જોકે, બોર્ડર વિસ્તારમાં મોબાઈલ નેટવર્ક સહિત સંદેશા વ્યવહારના સાધનો ખોરવાઈ ગયા હોય તેમ માનવામાં આવી રહ્યું છે. જેના કારણે રોમાબેન સાથે સીધો સંપર્ક થઈ શક્યો નથી. પરિવારજનોને રોમાબેન અને સમગ્ર ગ્રુપ સુરક્ષિત હોવાની પરોક્ષ માહિતી મળી હોવા છતાં તેમની સાથે સીધી વાતચીત ન થતાં ચિંતા યથાવત છે. ખાસ કરીને નેપાળમાં પૂરની સ્થિતિ વચ્ચે સરહદી વિસ્તારમાં સંપર્ક સાધી ન શકાતાં પરિવારજનોમાં ચિંતાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. રોમાબેનના પરિવારજનોએ ફરી એકવાર ભારત સરકાર, વિદેશ મંત્રાલય તથા સ્થાનિક તંત્રને અપીલ કરી છે કે ચાઇના બોર્ડર તરફ ગયેલા તમામ 62 યાત્રાળુની સ્થિતિ અંગે સત્તાવાર માહિતી મેળવી તેમના પરિવારજનો સુધી પહોંચાડવામાં આવે અને શક્ય તેટલી વહેલી તકે તમામ યાત્રાળુઓ સાથે સંપર્ક સ્થાપિત કરવામાં આવે.

# જંબુસરના વેપારીનું આફ્રિકામાં સશસ્ત્ર શખ્સોએ અપહરણ કર્યું

**પોલીસના** ગણવેશમાં આવેલા ઇસમોની કરતૂત, ગુજરાતીઓમાં ભયનું વાતાવરણ



ભરૂચઃ ભરૂચના જંબુસર મૂળના અને દક્ષિણ આફ્રિકામાં વ્યવસાય કરતા આસિફ ઘાસીયાનું સશસ્ત્ર શખ્સોએ પોલીસ યુનિફોર્મમાં આવીને અપહરણ કર્યું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ બનાવે દક્ષિણ આફ્રિકામાં સ્થાયી થયેલા ગુજરાતી સમુદાયમાં સુરક્ષાને લઈને ગંભીર ચિંતા ફેલાવી દીધી છે.

ગત તા.26મી ઓગસ્ટના રોજ સાંજે લગભગ 6:30 વાગ્યે દક્ષિણ આફ્રિકાના સિન્ચુરીયન (પ્રિટોરિયા) વિસ્તારમાં આસિફ ઘાસીયા પોતાની કારમાં જતો હતો. દરમિયાન પોલીસના ગણવેશમાં આવેલા કેટલાય શખ્સોએ ચેકિંગના બહાને તેમની કાર અટકાવી હતી. જેવો આસિફ કારમાંથી નીચે ઊતર્યો, કે તરત જ અન્ય કારમાં આવેલા સશસ્ત્ર શખ્સો તેમને જબરદસ્તી પોતાના વાહનમાં લઈ જઈ ફરાર થયા હતા. અપહરણની આ ઘટનામાં ફોક્સવેગન પોલો અને સુઝુકી સ્વિફ્ટ સહિત બે કારમાં આવેલા લગભગ 7 શખ્સ સામેલ હોવાનું સામે આવ્યું છે. પોલીસના વેશમાં આવીને ચેકિંગનું બહાનું બનાવતાં આ ઘટનાએ સ્થાનિક પોલીસ અને વહીવટી તંત્ર માટે પડકાર ઊભો કર્યો છે. આ બનાવથી દક્ષિણ આફ્રિકામાં રહેતા પ્રવાસી ભારતીયો, ખાસ કરીને ગુજરાતીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

આસિફ ઘાસીયા તેના પરિવાર સાથે દક્ષિણ આફ્રિકામાં રહેતો હતો અને ત્યાં વ્યાવસાયિક રીતે સક્રિય હતો. તેમના અપહરણના સમાચાર મળતાં પરિવારજનોમાં ચિંતાનો માહોલ છવાઈ ગયો છે. પરિવાર દ્વારા ભારત સરકારને આ મામલે તાત્કાલિક હસ્તક્ષેપ કરવા અને આસિફની સલામત વાપસી માટે જરૂરી મદદ કરવા માંગ કરવામાં આવી છે. વિદેશમાં સ્થાયી થયેલા ગુજરાતીઓ માટે આ ઘટના ગંભીર ચેતવણીરૂપ બની છે.

# રેલવે સ્ટેશન પર થૂંકવું રૂ. 1,000માં પડશે

**દંડ** બમણો કરાયો, થૂંકતા કે કચરો નાંખતા ઝડપાયો તો સ્થળ પર જ દંડ વસૂલી

**29 ઓગસ્ટથી** સુરત અને ઉધના સ્ટેશન પર નવો નિયમ લાગુ





ગુજરાતમિત્રમાં તા. 21મી ઓગસ્ટના રોજ પ્રસિદ્ધ થયેલો અહેવાલ

સુરતઃ સુરત અને ઉધના રેલવે સ્ટેશનના પરિસરમાં થૂંકવું, કચરો ફેંકવો કે ગંદકી ફેલાવવી હવે મુસાફરોને ભારે પડી શકે છે. રેલવે તંત્ર દ્વારા સ્વચ્છતા જાળવવાના હેતુથી એક મોટો અને કડક નિર્ણય લેવામાં આવ્યો છે. નવા નિયમો હેઠળ રેલવે પરિસરમાં ગંદકી ફેલાવવા બદલ વસૂલવામાં આવતા દંડની રકમ સીધી બમણી કરી દેવામાં આવી છે.

પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ અંતર્ગત આવતા સુરત અને ઉધના રેલવે સ્ટેશન પર 29 ઓગસ્ટથી આ નવા નિયમનો કડક અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે, જ્યાં નવા નિયમ મુજબ આજે 29 ઓગસ્ટે પહેલો દંડ પણ વસૂલવામાં આવ્યો છે. અગાઉ આ પ્રકારની લાપરવાહી માટે 500 નો દંડ નક્કી કરવામાં આવ્યો હતો, જેને હવે વધારીને 1,000 કરી દેવામાં આવ્યો છે. એટલે કે, જો હવે કોઈ પણ મુસાફર સ્ટેશન પર થૂંકતા કે કચરો નાંખતા ઝડપાશે, તો તેને સ્થળ પર જ 1,000નો દંડ ભરવો પડશે. સ્ટેશનની દીવાલો, પ્લેટફોર્મ અને ટ્રેક પર થૂંકવાથી ફેલાતી ગંદકી માત્ર દેખાવ જ બગાડતી નથી, પરંતુ રોગચાળાનું જોખમ પણ વધારતી હોય છે. રેલવે તંત્રની આ કડકાઈથી હવે લોકો સ્ટેશન પર સાવચેત રહેશે.

### જો દંડ ન ભરો તો કોર્ટનાં ચક્કર પણ કાપવા પડશે

નવા નિયમોમાં પ્રશાસન દ્વારા અત્યંત કડક જોગવાઈ કરવામાં આવી છે. જો કોઈ મુસાફર રેલવે કર્મચારીઓ દ્વારા સ્થળ પર માંગવામાં આવતો 1,00 નો દંડ આપવાનો ઇનકાર કરે અથવા દલીલબાજી કે ઉદ્ધતાઈભર્યું વર્તન કરે, તો મામલો ગંભીર બની શકે છે. આવા કિસ્સાઓમાં સંબંધિત મુસાફરને સીધા રેલવે કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી શકે છે. નિયમો અનુસાર જો મામલો કોર્ટમાં જાય, તો સક્ષમ ન્યાયાલય દ્વારા મુસાફર પર 2,000 સુધીનો દંડ ફટકારવામાં આવી શકે છે.

### “સુરત રેલવે સ્ટેશન ઉપર ગંદકી કરવામાં પણ સુરતીઓ નંબર-1” ગુજરાતમિત્રમાં અહેવાલ પ્રસિદ્ધ થયા બાદ તંત્ર જાગ્યું

સુરત રેલવે સ્ટેશન ગંદકી ફેલાવવામાં નંબર-1 આવતા તંત્ર હરકતમાં આવ્યું છે. પશ્ચિમ રેલવેએ 1 એપ્રિલથી 31 જુલાઈ સુધીમાં ગંદકી ફેલાવનારા સામે ખાસ ઝુંબેશ ચલાવી હતી. જેમાં સુરત સ્ટેશન પર સૌથી વધુ 1,918 કેસ નોંધીને 3.93 લાખનો દંડ વસૂલાયો હતો. જે બાદ ગુજરાતમિત્રમાં અહેવાલ પ્રસિદ્ધ થતાં રેલવે પ્રશાસન દોડતું થયું છે. હવે સ્ટેશન પર પાન-માવાની પિચકારી મારવા, કચરો ફેંકવા અને ગંદકી કરવા સામે સ્થળ પર જ દંડ ફટકારવાની ચેતવણી અપાઈ છે. પ્લેટફોર્મ પર સ્વચ્છતાના બોર્ડ, જાગૃતિ અભિયાન અને સફાઈ કર્મચારીઓની સંખ્યા વધારવામાં આવી છે. તંત્રએ મુસાફરોને જવાબદાર નાગરિક તરીકે વર્તવા અપીલ કરી છે.

# 13 જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા નવેમ્બર સુધી લંબાવાયા

**સુરત**-છપરા અને ઉધના-માલદા ટ્રેનને એક્સટેન્શન મળતા યુપી-બિહાર જતા મુસાફરોની મુશ્કેલી ઘટશે

સુરતઃ તહેવારોની મોસમમાં મુસાફરોની ભારે ભીડ અને પ્રવાસીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા સુરત અને ઉધના સહિત પશ્ચિમ રેલવે પરથી દોડતી 13 જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા આગામી નવેમ્બર મહિના સુધી લંબાવામાં આવી છે.

વિગતો અનુસાર, આ નિર્ણયથી સુરત અને ઉધનાથી ઉત્તર પ્રદેશ, બિહાર તથા અન્ય રાજ્યોમાં જતા લાખો મુસાફરોને મોટી રાહત મળશે.

સુરત અને દક્ષિણ ગુજરાતના મુસાફરો માટે ખાસ કરીને ટ્રેન નંબર 09065/09066 સુરત-છપરા સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા 20 ઓક્ટોબરથી 17 નવેમ્બર અને પરતમાં 21 ઓક્ટોબરથી 18 નવેમ્બર સુધી લંબાવાયા છે. આ ઉપરાંત, ઉધનાથી ચાલતી ટ્રેન નંબર 09033/09034 ઉધના-માલદા ટાઉન સાપ્તાહિક સ્પેશિયલના ફેરા પણ 26 અને 29 નવેમ્બર સુધી લંબાવવામાં આવ્યા છે.

જો કે આ દરમિયાન કેટલાક ચોક્કસ દિવસોએ આ ટ્રેન રદ પણ રહેશે. દિવાળી અને છઠ પૂજા જેવા મહાપર્વો દરમિયાન વતન જતા પ્રવાસીઓ માટે ટિકિટની પડાપડી અને કન્ફર્મ સીટ મેળવવાની સમસ્યા કાયમી બની જતી હોય છે. આ સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવાવાથી સુરતના રત્નાકલાકારો, શ્રમિકો અને વેપારી વર્ગને ભારે સરળતા રહેશે.

આ ટ્રેનોનું બુકિંગ આગામી 1 સપ્ટેમ્બર 2026થી તમામ PRS કાઉન્ટર તેમજ IRCTC વેબસાઈટ પર શરૂ થઈ જશે.


**ક્ષત્રિય દુઃખદ અવસાન**



સ્વઃ કૈલાશબેન ઇશ્વરલાલ ડબ્બીવાલા

સ્વઃ તા. ૨૯/૦૮/૨૦૨૬ શ્રાવણ સુદ પુનમ શનિવાર

દિલગીરી સાથે જણાવવાનું કે મારા પત્ની તેમજ માતા
સ્વઃ કૈલાશ ઇશ્વરલાલ ડબ્બીવાલા નું
તા.૨૯/૦૮/૨૦૨૬ ને શનિવાર ના રોજ દેવલોક પામ્યા છે.
પરમકૃપાળુ પરમાત્મા સદ્દગતના દિવ્યઆત્માને પરમશાંતી અર્પે એ જ પ્રાર્થના.

સદ્દગતનું બેસણું :
તા. ૩૦/૦૮/૨૦૨૬ ને રવિવાર નાં રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ દરમ્યાન નીચેના સ્થળે રાખવામા આવ્યુ છે.
સ્થળઃ- ધમણવાલા AC હોલ, સીંગાપુરીની વાડી, રૂસ્તમપુરા, સુરત.

પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતી આપે તેવી પ્રાર્થના

લી. ઇશ્વરલાલ સુંદરલાલ ડબ્બીવાલા (પતિ)
અનિલ ઇશ્વરલાલ ડબ્બીવાલા (પુત્ર) | કામિની અનિલ ડબ્બીવાલા (પુત્રવધૂ)
સંજય ઇશ્વરલાલ ડબ્બીવાલા (પુત્ર) | જયોતી સંજય ડબ્બીવાલા (પુત્રવધૂ)
જીતેન્દ્ર ઇશ્વરલાલ ડબ્બીવાલા (પુત્ર) | દિપ્તી જીતેન્દ્ર ડબ્બીવાલા (પુત્રવધૂ)
ફેનીલ અનિલકુમાર ડબ્બીવાલા (પૌત્ર) | કાનન ફેનીલ ડબ્બીવાલા (પૌત્રવધૂ)
દિપ અનિલકુમાર ડબ્બીવાલા (પૌત્ર) | તુલસી દિપ ડબ્બીવાલા (પૌત્રવધૂ)
આદિત જીતેન્દ્ર ડબ્બીવાલા (પૌત્ર) | યશવી જીતેન્દ્ર ડબ્બીવાલા (પૌત્રી)
રામ સંજય ડબ્બીવાલા (પૌત્ર)
કિરીટકુમાર મેઘાચંદ જરીવાલા (જમાઇ) | લતાબેન કિરીટકુમાર જરીવાલા (પુત્રી)
નીલ પ્રકાશ બારડોલીયા (જમાઇ) | તુલસી નીલ બારડોલીયા (પૌત્રી)
તથા સમસ્ત ડબ્બીવાલા પરીવાર